# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/195 Dt. 20/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ઈન્ડોનેશિના કેડિન ચેમ્બર સાથે બંને દેશોના ધંધા - ઉદ્યોગોના લાંબા ગાળાના સંબંધો વિશે ચર્ચા કરી

## બંને ચેમ્બર લાંબા ગાળાના એમઓયુ કરવા સંમત થયા

## ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાની હેઠળ ચેમ્બરનું 16 સભ્યોનું પ્રતિનિધિ મંડળ ઇન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસમાં સલાહકારને પણ મળ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ગ્લોબલ ટ્રેડ એક્સ્પો માટે ઈન્ડોનેશિયાની મુલાકાતે ગયેલા ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે ઇન્ડોનેશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (કેડિન-KADIN) વચ્ચે અત્યંત ફળદાયી બેઠક યોજી હતી.

કેડિનનું પ્રતિનિધિત્વ તેના ડેપ્યુટી ચેરમેન શ્રી ફકીર ચંદ દ્વારા કરવામાં આવ્યું હતું. SGCCIના પ્રતિનિધિ મંડળે ઇન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસમાં સલાહકાર (આર્થિક અને વાણિજ્ય) શ્રીમતી માલવિકા પ્રિયદર્શિની સાથે પણ મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો.

બંને ચેમ્બરોએ પોતપોતાના સંબંધિત માળખા, સભ્યપદનો આધાર અને કેન્દ્રિત ક્ષેત્રો વિશે વિગતવાર પ્રસ્તુતિઓની આપ-લે કરી હતી. શ્રી નિખિલ મદ્રાસીએ ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના લાંબા સમયથી ચાલતા વેપાર સંબંધો પર ભાર મૂક્યો હતો અને કાપડ, હીરા, ખાદ્ય પ્રક્રિયા, કોલસો, મીઠું અને માળખાગત વિકાસમાં સહકાર વધારવા માટેની તકો અંગે ચર્ચા કરી હતી.

શ્રી બિજલ જરીવાલાએ બંને દેશો વચ્ચે કાપડની નિકાસ અને તકનીકી ભાગીદારીની અપાર સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યારે શ્રી મિતિશ મોદીએ કૌશલ્ય આધારિત ઉદ્યોગોને ટેકો આપવા માટે અક્ષય ઊર્જા અને શૈક્ષણિક જોડાણોમાં સહયોગની શક્યતાઓ પર ચર્ચા કરી હતી.

કેડીન ચેમ્બરના વાઇસ ચેરમેન શ્રી ફકીર ચંદે કેડિન અને એસજીસીસીઆઈ વચ્ચે ઔપચારિક સહયોગ શરૂ કરવામાં રસ દાખવ્યો હતો, જેમાં સંયુક્ત બિઝનેસ ફોરમ, વેપાર મિશન અને દ્વિપક્ષી પ્રદર્શનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેમણે એવી પણ ખાતરી આપી હતી કે, કેડિન ઇન્ડોનેશિયામાં ધંધા-ઉદ્યોગ સ્થાપિત કરવા અથવા વિસ્તરણ કરવા માંગતા SGCCIના સભ્યોને ટેકો આપશે.